એપ્રિલ-૨૦૨૨

અંક - ૪૬



# અરુણોદય






સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા




## અનુક્રમણિકા


- મહિલા દિવસ વિશેષ
- યુવાવસ્થા અને હતાશા
- રંગીલા ! ઉડાડવાથી નહી ખૂટે મહોબતી ગુલાલ
- જનનીની જોડ સખી નહી જડે રે લોલ
- સ્ત્રી યા શક્તિ?
- ગુડ ફ્રાઈડે 'ગુડ' શા માટે ?
- ખુદા મહેરબાન
- 'ખુશી' ની તારીખ કઈ ?
- વિશ્વ પુસ્તક દિવસ
- આપણા સ્વાતંત્ર સેનાનીઓ
- શાળાની પ્રવૃત્તિઓ


સ્ત્રી એટલે...
જિંદગીનાં રંગમંચ પર
રિહર્સલ વગર દરેક
ભૂમિકા સફળતા પૂર્વક
નિભાવતુ ઈશ્વરનુ
અદ્‌ભુત
સર્જન...








ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ‘‘અરૂણોદય’’ એપ્રિલ- ૨૦૨૨ ,અંક-૪૬ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# મહિલા દિવસ વિશેષ



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

આમતો કોઇ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય એ વ્યક્તિઓને અને મહિલા દિનની વાત કરીએ છીએ એટલે ખાસ મહિલાઓને આપણે ધન્યવાદ આપીએ છીએ. ભારતીય પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં રહીને પ્રગતિ કરનાર સ્ત્રીઓને તો ધન્યવાદ છે જ પરંતુ ભારતીય દરેક સ્ત્રી ધન્યવાદને પાત્ર છે. કારણકે દરેક ભારતીય સ્ત્રી ઘર , કુટુંબ અને સમાજને સમર્પિત હોય છે. ઉ.દા. તરીકે લઇએ તો પ્રખ્યાત સિતાર વાદક પંડિત રવિશંકરના પત્નિ અન્નપૂર્ણા દેવી પણ ખુબજ કુશળ સિતાર વાદક હતા તેમની આ કળાને યોગ્ય ન્યાય આપી શકાય એટલા જ માટે તેમના પિતાએ તેમના લગ્ન પંડિત રવિશંકર સાથે કર્યા હતા. પરંતુ લગ્ન બાદ પતિની ઇચ્છાને માન આપીને , પતિના સંતોષ માટે પોતે ક્યારેય સ્ટેજ પર પરફોર્મ ન કરવાનો નિર્ણય કરી પોતાની કળાને કાયમ માટે અભરાઇએ ચઢાવી દીધી. આવી તો કેટલીયે કળારૂપી પાંખો પીંજરામાં કેદ હશે. આવુ સમર્પણ એક ભારતીય સ્ત્રી જ આપી શકે અને એટલે જ દરેક ભારતીય સ્ત્રી ધન્યવાદને પાત્ર છે.

# ધન્ય ભારતની નારી

ધન્ય ભારતની નારી ભાઇ ધન્ય ભારતની નારી ,
જ્યાં સંસ્કારોના નામે હરદમ શોષણ સહેતી નારી ,
ભાઇ ધન્ય ભારતની નારી .



દિકરાનો જો જન્મ થયો તો ખુશીઓની ઉજાણી,
પણ દિકરીનો જો જન્મ થયો તો આંસુઓની લ્હાણી ,
ભાઇ ધન્ય ભારતની નારી .





સંસ્કૃતિના નામે એની ઉડતી પાંખો કપાતી ,
મર્યાદાઓના વંટોળમાં આઝાદી ઘુમરાતી,
જ્યાં પુરુષની નજરોમાં ખોટ ત્યાં પડદા કરતી નારી !
ભાઈ ધન્ય ભારતની નારી .

ગાંધીજીએ શીખવ્યા છે જયાં અહિંસાના પાઠો ,
એ ગાંધીની ધરતી પર એ હિંસા સહેતી નારી ,
નશો કરીને ઘેર ફરે ને સ્ત્રીની કરતો ઘાણી ,
તોય પતિ પરમેશ્વર માની સેવા કરતી નારી ,
ભાઈ ધન્ય ભારતની નારી .

સ્ત્રી મર્યાદાના ઘેરામાં ને પુરુષ કરે મનમાની ,
પુરુષોની આ દુનિયામાં એણે હિંમત બતાવી ,
ભાષણોમાં  વાતો કરતા નારી શક્તિની મોટી ,
પણ ઘરમાં જઇને ઘરની નારી પર હિંસા  કરાતી,
ભાઈ ધન્ય ભારતની નારી .

દિકરીને સાચવતો જમાઇ લાગે ડાહ્યો પણ ,
પુત્રવધુને સાચવતો દિકરો લાગે વહુઘેલો ,
સાસ - સસુરની સેવા કરતી પુત્રવધુ સંસ્કારી ,
પણ સાસ - સસુરની સેવા કરતો દિકરો છે ધુત્કારી ,
ભાઈ ધન્ય ભારતની નારી .

પહેલા મળતો જન્મ પછી કરાતી દૂધપીતી ,
હવેતો ગર્ભમાં જ મરાતી શાની એ અપરાધી ?
જન્મથી દિકરી પારકી ને સાસરી પારકુ ઘર ,
પારકાને પોતાના કરતી જીવનભર રહી પર ,
ભાઈ ધન્ય ભારતની નારી .






જીજાબાઇ , લક્ષ્મીબાઇ ને અહલ્યા બાઇ  ઇતિહાસકારી ,
લતામંગેશકર , સુનિતા વિલિયમ્સ ને સુષ્મા સ્વરાજ પણ નારી ,
ડોકટર , એન્જિનિયર , વકીલને ટીચર થઇ નામ કમાણી ,
આટલી મુશ્કેલીઓમાં પણ એ અવકાશે જઇ આવી ,
ભાઈ ધન્ય ભારતની નારી .



દુ:ખને મનમાં છુપાવતી નથી તુ બિચારી ,
તુ શક્તિ છે , તુ સાહસ છે , તુ દુર્ગાને કાલી ,
માતા , પુત્રી, બહેનને પત્ની પરિવારનો આધાર તુ નારી ,
માનવતાનું ગૌરવ છે તુ ભારતની સન્નારી ,
ધન્ય ભારતની નારી ભાઈ ધન્ય ભારતની નારી .





# યુવાવસ્થા અને હતાશા



પી.ટી.પઢેરીયા
માધ્યમિક શિક્ષક

યુવાવસ્થા એટલે **15** થી **34** વર્ષની વચ્ચેની ઉંમરનો સમયગાળો. આ અવસ્થામાં થનગનાટ , ઉત્સાહ,સાહસ,વગેરે વ્યક્તિને કઈક નવીન કરી દેખાડવા માટે પ્રેરે છે.પરંતુ આજકાલ જે રીતે યુવાનોમાં હતાશા અને એને કારણે ઊભી થતી સમસ્યાઓનું પ્રમાણ વધતું જાય છે જે સમગ્ર વિશ્વ માટે ચોંકાવનારી બાબત છે.એમાંય વિશેષ રૂપે વિદ્યાર્થી ઓમાં જોવા મળતી હતાશા માતાપિતા માટે, શિક્ષકો માટે તથા સ્વાસ્થ્ય અને સુખાકારી ક્ષેત્રે કાર્ય કરતી તમામ સંસ્થાઓ માટે ચિંતા અને ચિંતનનો વિષય છે. વળી એથીય વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે હવે **15** વર્ષ થી નીચેની વયના બાળકો પણ ધીમે ધીમે હતાશામાં સરી રહ્યા છે.

## હતાશા એટલે શું ?

હતાશા એટલે માનસિક અસ્વસ્થા.મનની આ પ્રકારની અવસ્થા માં વ્યક્તિમાં ઉદાસીનતા, નિરુત્સાહ,આત્મગ્લાની, હીન ભાવના ,ઊંઘ ન આવવી,ભૂખ ન લાગવી , થાક અને એકાગ્રતા નો અભાવ જેવા લક્ષણો જોવા મળે છે . વારંવાર આવી હતાશા કોઈ એક જ વ્યક્તિ ઉપર આવે તો તેની તેના પર ગંભીર અસરો થાય છે અને વ્યક્તિ આપઘાત કરવાના વિચારોથી પણ ઘેરાઈ શકે છે.

## હતાશના ચિહનો કેવી રીતે ઓળખી શકાય?

**તમારું સંતાન હતાશ છે કે નહીં તે નીચે દર્શાવેલી વર્તનરીતો પરથી જાણી શકાય.**

* તે ચિડિયું બન્યું છે , વાતે વાતે છંછેડાઈ જાય છે.
* ઓછા બોલું અથવા સૂનમૂન બેસી રહે છે.
* એકલ્સુરું થઈ જાય છે.
* સામાજિક પ્રસંગો થી દૂર રહે છે.
* તેને કોઈ પ્રવૃત્તિમાં રસ નથી પડતો.
* ખોરાક અને ઊંઘ ઘટી જાય છે.
*વજન ઉતરે છે.
* પોતાની ચીજવસ્તુઓ અસ્તવ્યસ્ત હોય છે
* પહેલા કરતા ભણવામાં નબળો દેખાવ.



## હતાશા દૂર કરવા શુ કરવુ જોઈએ?

* તેને સ્વીકારો અને મનોચિકત્સકની સલાહ લો.
* ઘરમાં વાતાવરણ શાંત અને મુક્ત રાખો.
* નિયમિત ઘરસભા કરો.

* મુક્ત ચર્ચા કરી, નિર્ણય માં સહાય કરો.
* તેમની ચિંતા અને ભય દૂર કરો.
* વધુ સમય આપો, તેમની સાથે સંવાદ કરો.
* મનગમતી પ્રવૃત્તિમાં પ્રોત્સાહન આપો.
* નિયમિત યોગ અને કસરત કરવાનું શીખવો.
* જીવનમાં સાચા મૂલ્યોની સમજણ આપો.

# રંગીલા ! ઉડાડવાથી નહીં ખૂટે મહોબતી ગુલાલ




હરિસિંહ સોઢા
સેકસન ઓફિસર
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)




મળે જો કોઇ મનમૌજી તો રંગી દઈએ ગાલ
રંગીલા ! ઉડાડવાથી નહીં ખૂટે મહોબતી ગુલાલ
કાગ છો ને કાળા,છો સૂડાની ચાંચ લાલ
મોરલાની પાંખમાંથી ખરતો રહે ઈન્દ્રધનુષી ફાલ
ચાલ,કાળા ધોળા સૌને રંગી દઈએ અબ્બીહાલ
રંગીલા ! ઉડાડવાથી નહીં ખૂટે મહોબતી ગુલાલ
મળે જો કોઇ મનમૌજી તો રંગી દઈએ ગાલ





કાળી કામળીમાં ચિતરીએ તારલિયાની ચાલ
નીલે ચંદરવે પ્રભાતે પડશે કેસરવર્ણી કમાલ
ચાલ,રંગ કસુંબલ ઘુંટી લઈએ કોણે દીઠી કાલ ?
રંગીલા ! ઉડાડવાથી નહીં ખૂટે મહોબતી ગુલાલ
મળે જો કોઇ મનમૌજી તો રંગી દઈએ ગાલ
રંગોના કારોબારથી થઇ જઇએ માલામાલ
ખુશીના ભરીએ બાજકા,માંહે ઠાંસોઠાંસ વહાલ
ચાલ,વેંચી નાખીએ બારોબાર રેશમિયા રુમાલ
રંગીલા ! ઉડાડવાથી નહીં ખૂટે મહોબતી ગુલાલ
મળે જો કોઇ મનમૌજી તો રંગી દઈએ ગાલ



રંગમંચ પર પડદો પડશે,કાઢી મેલસે તત્કાલ
ભરી પિચકારી છુટી જશે,થસે જોવા જેવો તાલ
ચાલ,કોરું કોઈ ન જાય એનો પુરો રાખીએ ખયાલ
રંગીલા ! ઉડાડવાથી નહીં ખૂટે મહોબતી ગુલાલ
મળે જો કોઇ મનમૌજી તો રંગી દઈએ ગાલ





# જનનીની જોડ સખી નહી જડે રે લોલ



વી.જી.રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

એક યુવકને એક શયતાન સાથે મિત્રતા થઈ.પેલો શયતાન યુવકને પોતાના તરફ આકર્ષિત કરી રહ્યો હતો.યુવક પણ ધીમે ધીમે શયતાન તરફ ઢળી રહ્યો હતો.એક દિવસ આ યુવકે શયતાન પાસે પોતાના પ્રેમનો એકરાર કર્યો અને કહ્યું ,"હું તને ખૂબ પ્રેમ કરું છું અને કાયમ તારી સાથે જ રહેવા માંગુ છું"

શયતાને યુવાનને કહ્યું,"મને તારો સ્વીકાર કરવામાં કોઈ વાંધો નથી".આ વાત સાંભળીને યુવાન તો નાચવા લાગ્યો.એને નાચતો અટકાવીને શયતાને કહ્યું.જો તારે કાયમ મારી સાથે જ રહેવું હોય તોમારા માટે એક કામ કરવું પડશે,બોલ એ કામ કરીશ?

યુવાને તો કોઈપણ જાતના વિચાર વગર હા પાડી દીધી.શયતાને કહ્યું",જો તું મારી સાથે રહેવા માંગતો હોય તો તારી માનું કાળજુ લઈ આવ અને મને ગિફ્ટ માં આપ."પેલો યુવાન તો શયતાનના પ્રેમમાં પાગલ થયો હતો.એને શયતાન સિવાય બીજું કંઈ જ દેખાતું ન હતું.એને તો બસ શયતાનો સહવાસ જોઈતો હતો.

એ યુવાન ઘરે ગયો.ભર ઊંઘમાં સુતેલી માને મારી નાખી.એની છાતી ચીરીને કાળજુ કાઢી લીધું અને એ કાળજુ પોતાના હાથમાં લઈને દોડતો દોડતો શયતાનને મળવા ભાગ્યો.અંધારું હોવાથી રસ્તામાં એને ઠેસ વાગી અને હાથમાં રહેલું માનું કાળજુ નીચે પડી ગયું.થોડા થોડા ધબકી રહેલા એ માના કાળજામાંથી પેલા યુવાનને એક લાગણીસભર અવાજ સંભળાયો ..."ખમ્મા મારા દીકરાને,તને વાગ્યું તો નથી ને બેટા! જરા સંભાળીને ચાલ."

ખરેખર પોતાના બાળક પ્રત્યે માતાનો પ્રેમ અદભુત હોય છે. પોતાના બાળક માટે તે પોતાના જીવને પણ કુરબાન કરી દેતી હોય છે .એટલે તો કહ્યું છે," જનનીની જોડ સખી નહી જડે રે લોલ.", "મા તે મા બીજા બધા વગડાના વા".વિશ્વ મહિલા દિવસ નિમિત્તે નારી શક્તિને વંદન. માતૃ શક્તિને વંદન.





तुम शक्ति हो या सिर्फ एक स्त्री??
अपने को शक्ति मानने वाली
पर वास्तव में परिस्थितियों से हारी हुई एक स्त्री??
तुम एक स्त्री हो सिर्फ एक स्त्री....
रोओगी,चील्लाओगीऔर फिर अपने को हालात पर छोड़ आगे बढ़ जाओगी
तुम एक स्त्री हो सिर्फ एक स्त्री।



Bina D. Bhatt
Sec. School Teacher

कोई गलत नहीं कहता कि स्त्री ही स्त्री की दुश्मन होती है
जब उलझोगी,समझोगी,हताश होकर रह जाओगी
मन में फिर से उत्साह भरोगी, फिर हारोगी
और  फिर अपने को हालत पर छोड़ आगे बढ़ जाओगी
तुम एक स्त्री हो सिर्फ एक स्त्री।

आखिर में अपने ही सपनों के पैरों को काट दोगी
पति और बच्चों के प्रेम में ही खुश हो जाओगी
मैथिली की कविता याद कर चुप ही रह जाओगी
और फिर अपने को हालात पर छोड़ आगे बढ़ जाओगी
तुम एक स्त्री हो सिर्फ एक स्त्री।



# ગુડ ફ્રાઈડે 'ગુડ' શા માટે ?



એ.આર.ડાભી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક


ગુડ ફ્રાઈડે એટલે શુભ અથવા ભલો શુક્રવાર.. આ દિવસને શા માટે શુભ શુક્રવાર કહેવામાં આવે છે? જો કે આ દિવસે પ્રભુ ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ ઉપર મારી નાખવામાં આવ્યા હતા; તો પછી આ દિવસને શુભ શા માટે કહેવામાં આવે છે? આવો આપણે તેના અર્થને સમજીએ.

- ઈશ્વરના પ્રેમની પરાકાષ્ઠાનું પર્વ એટલે ગુડ ફ્રાઈડે.
- માનવજાતનો પાપમાંથી મુક્તિનો દિવસ એટલે ગુડ ફ્રાઈડે.
- માફી આપવાનું પર્વ એટલે ગુડ ફ્રાઈડે.
- માનવદેહમાં પ્રભુ ઈસુનું મૃત્યુ એટલે ગુડ ફ્રાઈડે.
- સમસ્ત માનવજાતને ઇશ્વર સાથેનું મિલનનું દ્વાર એટલે ગુડ ફ્રાઈડે.

પ્રભુ ઈસુના જન્મ અગાઉ તેમના જન્મ અને માનવજાતના ઉદ્ધાર માટે તેમનું મૃત્યુ એ નિર્માણ થયેલું હતું. તે પ્રમાણે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત માનવદેહ ધારણ કરીને આ જગતમાં તેઓ આવ્યા. તે સમયે જેરુસાલેમમાં રોમન સામ્રાજ્ય ચાલતુ હતું. ઇસુનું સેવાકાર્ય જોઈને લોકો તેમની પાછળ જતાં જોઇને રોમન સામ્રાજ્યને ચિંતા થઈ કે ઈસુ રાજા થઈ જશે અને અમારું રાજ્ય ચાલ્યું જશે, આથી તેઓ ઈસુના કોઈ ગુનાની શોધમાં હતા. પરંતુ ઈસુ નિર્દોષ, નિષ્કલંક અને પવિત્ર હતા. આથી તેઓ તેમને પકડી શકતા નહોતા. કારણ કે લોકોનો ભય તેમને હતો,. છેવટે ઈસુના મૃત્યુ નો સમય આવે છે ત્યારે તે શિષ્યોને જણાવે છે કે મારું મૃત્યુ નજીક આવ્યું છે અને હું ત્રીજા દિવસે પાછો આવીશ. કારણ કે જગતના લોકોના તારણને માટે તેમનું મૃત્યુ જરૂરી હતું.. છેવટે તેમની ઉપર પોતે રાજા(દેવ) હોવાનો આરોપ મૂકવામાં આવ્યો, અને આ દૂર્ભાષણ માટે તેમને ક્રોસ પર મૃત્યુદંડની સજા આપવામાં આવે તેવો હુકમ જોહુકમીથી કરવામાં આવ્યો. રોમન લોકોમાં ક્રોસ પર લટકાવીને મારી નાખનાર ગુનેગારોના ગુનાના ઉલ્લેખનું પાટિયું ક્રોસ પર લટકાવવાનો રિવાજ હતો. ઈસુના ક્રોસ પર લટકેલા ચાર અક્ષરોના પાટિયામાં ઈસુની વધશિક્ષાનું કારણ સમાયેલું છે. સૂબા પિલાતે ફરમાવ્યા મુજબ ઈસુનો ગુનો એટલે ઈસુ યહૂદીઓના રાજા હતા, એટલે તેમણે ક્રોસ પર પાટિયું લખાવડાવેલું: 'નાઝરેથનો ઈસુ યહૂદીઓનો રાજા.' યહૂદીઓના રાજા તરીકે નાઝરેથના ઈસુને ક્રોસ પર મારી નાખવાનો હુકમ રોમન સૂબા પોન્તિયસ પિલાત લોકોની બીકને કારણે કરે છે.

ગુડ ફ્રાઈડેના દિવસે ઇશ્વરી યોજનામાં ઇસુ પોતે જ ક્રોસ પર પોતાનું જીવન અર્પી દે છે. ઈસુને જીવન લઇ લેવાનો તેમજ આપવાનો અધિકાર હતો. તેમને કોણ મારી શકે? ઈસુને ક્રોસ તરફ દોરી જનાર એક જ બાબત છે: ઈસુનો માણસ પ્રત્યેનો પ્રેમ!, ઈસુનો મારા-તમારા પ્રત્યેનો પ્રેમ. ઇશ્વર પિતાના પ્રેમથી પ્રેરાઇને માણસમાત્ર પ્રત્યેના પ્રેમથી ઈસુ એ ક્રોસને ભેટયો છે. ક્રોસ પરના મૃત્યુને ભેટવાનો ઈસુનો પ્રેમ અનાદિ પ્રેમ છે, સનાતન પ્રેમ છે, અનંત કે અંત વિનાનો પ્રેમ છે, કારણકે માનવજાતના ઉધ્ધારને માટે પવિત્ર નિર્દોષ અને નિષ્કલંક લોહી ઈશ્વર સિવાય બીજા કોઇનું હોઈ જ ન શકે. આપણને બચાવવાની કેટલી અદભુત ઘટના !!!

ગુડ ફ્રાઈડેના દિવસે ક્રોસ પર મરી જઈને ત્રીજે દિવસે ઈસ્ટર (રવિવાર)ના દિવસે પુનરુત્થાન પામેલા ઈસુ જાણે ઘોષણા કરે છે કે, મૃત્યુમાં ખરેખર જીવન છે. જે ઈસુ ચાળીસ દિવસ પૃથ્વી પર રહી સ્વર્ગમાં ચાલ્યા ગયા અને ફરીથી આવનાર છે. જેમ ઈસુ મૃત્યુમાંથી સજીવન થયા તેમજ તેમની ઉપર વિશ્વાસ કરનાર પણ અંતના દિવસમાં સજીવન થશે એ પુરવાર કરે છે. બાઈબલ કહે છે કે, "દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકી જનિત દીકરો આપ્યો એ સારું કે, જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે." આથી ગુડ ફ્રાઈડે માનવજાતને માટે સાચા અર્થમાં અનંતજીવન લઈને આવે છે. આથી તે ગુડ ફ્રાઈડે(શુભ શુક્રવાર) છે.



# ખુદા મહેરબાન



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

માનવમાત્ર ઉપર ખુદાકે ઈશ્વર મહેરબાન છે. આપણાં કંઇ કેટલાયે ગુનાઓ ખુદા માફ કરતાં રહેલાં છે. આપણાં ઉપર તેમના અનંત ઉપકારો છે. તેમની કૃપા દષ્ટિ વગર આપણું અસ્તિત્વ શૂન્ય બરાબર છે. આપણી લાયકાત થી વધારે આપણને ખુદાએ આપ્યું છે. કદાચ કોઇ કમી રહી ગઇ હોય તો તેના માટે ફરિયાદ કરવી ઉચિત નથી.

એક સરસ મજાનો પ્રસંગ યાદ આવે છે. શેખ સાદી એક ઊચ્ચ કોટિના સંત હતા. તે ખુદાની નિયમિત ઈબાદત કરતાં . પોતાની મસ્તીમાં ડૂબેલાં રહેતા. એકવાર ઝાડ નીચે બેસીને રોટલી ખાઇ રહયા હતા તે વખતે જ શાહી પરિવારના એક ગુરુની પાલખી ત્યાંથી પસાર થઇ. ગુરુએ જ્યારે એક ફકીરને ઝાડ નીચે બેસીને રોટલી ખાતાં જોયા તો તરત જ પાલખી ઊભી રખાવી અને નોકરને હુકમ કર્યો કે ફકીરને મારી સામે હાજર કરો.

ફકીરની પાસે જઇ નોકરે ગુરુનો આદેશ સંભળાવતા કહયું , જો તેઓ ખુશ થઇ જશે તો તમને શાહી દરબારમાં જગ્યા અપાવશે પછી તારે આ 'રુખી-સુખી' રોટલી ખાવાની જરૂર નહિં પડે. શેખ-સાદી એ નીડરતાથી તે નોકરને કહયું , તમારા ગુરુને કહો કે તેઓ તેમના રસ્તે ચાલ્યા જાય . અહીં નકામી વાતોમાં માથું ન મારે અને મને મારી મસ્તીમાં રહેવા દે.

મારી રોટલી ભલે સૂકી હોય પણ મહેનતથી કમાયેલી છે. તે જેટલો સંતોષ આપી શકે તે તમારા ગુરુના પકવાન પણ ન આપી શકે.

નોકર માથું નમાવીને ચાલ્યો ગયો. તેના ગુરુ આ અલમસ્ત ફકીરની વાત સાંભળી નતમસ્તક થઇ ગયા.

ખુદાની સાચી ઈબાદત કરવા વાળા ફકીર જેવા લોકો ઉપર ખુદાની દષ્ટિ સદા મહેરબાન હોય છે. સલામ છે આવા સૂફી સંતોને.



# 'ખુશી' ની તારીખ કઇ ?



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ઘણી વખત અવાર નવાર આપણે લોકોને એમ કહેતાં સાંભળીએ છીએ કે અમે ખાધે પીધે , પૈસે - ટકે ખૂબ સુખી છીએ. કોઇ વાતની કમી નથી. તો વળી બીજો એક વર્ગ એવી પણ ફરિયાદ કરતો હોય છે કે મુસીબતોનો પહાડ તો જાણે અમારા ઉપર જ તૂટયો છે. કોઇ વાતે શાંતિ નથી. કહેવાતો સાધન સંપન્ન વર્ગ કે ફરિયાદ કરતો વર્ગ બંને પાસે ક્યાંય પ્રસન્નતા કે ખુશી જોવા મળતી નથી.

**નિર્દોષ ખુશી કે આનંદ** આજે લુપ્ત થતો જોવા મળે છે. ભાગ-દોડ , ચિંતા-તણાવ , સંઘર્ષ , આધિ-વ્યાધિ તેમજ ઉપાધિ થી પીડાતો માણસ ખુશ રહેવાનો ફક્ત બાહ્ય દેખાવ કરતો રહેલો છે. તાજેતરમાં જ **20 મી માર્ચ** કે જે વિશ્વમાં **'હેપીનેસ ડે'** તરીકે ઊજવાય છે તે દિવસ હમણાં થોડા દિવસ પહેલાં જ ગયો. કેવી કરુણતા કહેવાય કે ખુશ રહેવા માટેનો દિવસ પણ વર્ષમાં ક્યાંક નક્કી કરવો પડે છે. એક દિવસમાં જાણે વર્ષ ભરની ખુશી વ્યક્ત કરી લેવી કે ખુશ રહેવાનો પ્રયત્ન કરી લેવો એ તે વળી કેવો રિવાજ.

ખરેખર તો **જેમ જેમ જ્ઞાન વધે તેમ માણસ ખીલવો જોઇએ. તેના બદલે વર્તમાન યુગમાં અતિજ્ઞાન સહદેવની જેમ ભારરૂપ બનતું જાય છે.** માણસ એકલતા અનુભવે છે. તેના ચહેરા પરનું નૂર કે ખુશી લુપ્ત થઇ ગઇ છે.

જીવનમાં હેપીનેસ લાવવા માટે તન ની જેમ મનને પણ પોષ્ટિક આહારની જરૂર છે. Positive outlook થી ખોવાયેલી ખુશી કે આનંદ જરૂર પાછા લાવી શકાય. જીવનને ખુશી થી ભરી દેવા માટેનાં કોઇ સ્પેશ્યલ વર્ગો હોતા નથી. બાળકનું બાળપણ આજે ટી.વી. , મોબાઇલમાં ખોવાતું જાય છે. ખીલતો ચહેરો શરૂઆતથી જ કરમાય જાય છે.

યુવાનીમાં યોગ્ય આહાર , યોગ્ય વિચાર કે સારા મિત્રની સંગત ન હોયતો જીવનનો સુવર્ણકાળ આમ ને આમ પસાર થઇ જાય છે. **સુવર્ણકાળ ગણાતી યુવાનીમાં ખુશી જાણે સંતાકૂકડીની રમત જેવી બની ગઇ છે.**

સતત ઓનલાઇન રહેતો માણસ આજે સામાજિક , કૌટુંબિક , વ્યાવહારિક જીવન થી ઓફ લાઇન થતો જાય છે. ખુશ રહેવા માટે કે ખુશી મેળવવા માટે શું દિવસો ઊજવવા પડે ? કોઇ તારીખો યાદ રાખવી પડે ? ઘણાં લોકો બીજા પાસે થી કંઇ મેળવવાં કરતાં આપવામાં વધારે ખુશી અનુભવતા હોય . કોઇ વળી નિ:સ્વાર્થ મદદ કે સેવાની વૃતિથી હર હંમેશ તૈયાર રહેતા હોય છે. **પ્રશંસા કે માન સન્માનની અપેક્ષા વિના થતું કામ વધારે ખુશી કે આનંદ આપે છે.**

તાજેતરમાં થયેલાં એક સર્વેક્ષણ મુજબ નાનકડો એવો **ફિનલેન્ડ દેશ કે** જે ભારત તેમજ વિશ્વની મહાસત્તાઓ કરતાં શસ્ત્રો અને શાસ્ત્રની સરખામણીએ ઘણો પાછળ હોવા છતાં **આજે હેપીનેસ ઈન્ડેકસમાં** ઘણું ઊંચુ સ્થાન ધરાવે છે.

ભારતીય લોકોનું મોટાભાગનું જીવન જાણવાની ખોજ માં જ વ્યતિત થઈ જાય છે. માણવાનું રહી જાય છે. કંઈ કેટલીયે જિંદગીઓ આમને આમ ખલાસ થઈ જાય છે. ચાલો , જીવનમાં ખુશી લાવવા માટે ખુદ તત્પર બનીએ અને મળેલાં સુંદર જીવન ને ખરા અર્થમાં જીવીએ.



ટૂંકમાં , " Happiness depends upon our selves." "Stay Happy , Stay Healthy."





# વિશ્વ પુસ્તક દિવસ

ડો. મિહીર એમ. વોરા
આસિ.પ્રોફેસર,
સરકારી કોલેજ,માંડવી

"આ દિવસ મહાન લેખક અને નાટ્યકાર વિલિયમ શેક્સપિયર નો જન્મદિવસ અને મરણ દિવસ છે"

મિત્રો કોરોના અને લોક ડાઉન ના દિવસો વચ્ચે જો કોઈ માનુષ નો સાચો મિત્ર હોય તે છે પુસ્તક , સાચું જ્ઞાન અને સાચો માર્ગ સાચા મિત્રો અને સાચા સારા પુસ્તકોજ આપી શકે છે જાણીતા ગુજરાતી ચિંતકે કહ્યું છે તેમ જે ઘરમાં પાંચ સારાં પુસ્તક ના હોય તે ઘરમાં દીકરી ના આપશો તે ઉક્તિ પુસ્તકનું મહત્વ વ્યક્ત કરે છે. વ્યક્તિની વિચાર દુનિયાવિકસાવવા અને સાચો માનવ બનાવવા પુસ્તક એ જ્ઞાનનું પહેલું પગથિયું છે. ગાંધીજી એ કહ્યું છે કે પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાંય અધિક છે ચમક બહારની રત્ન . બતાવેપુસ્તક અંદરની ચમક કરે છે. ૨૩ એપ્રિલ સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક દિવસ તરીકે ઉજવાયછે , આ દિવસ મહાન લેખક અને નાટ્યકાર વિલિયમ શેક્સપિયર નો જન્મદિવસ અને મરણ દિવસ છે .આ દિવસ કૉપીરાઇટ ડે તરીકે પણ મનાવાય છે. . યુનેસ્કો, પબ્લિસિંગ તથા કૉપીરાઇટના પ્રચારહેતુ મિત્રો લોકડાઉંન માં ખરેખર પુસ્તકો જ સાચા મિત્રો બન્યા છે ઉપરાંત એ પુસ્તક પણ સાચું મિત્ર બન્યું છે .

આ દિવસની ઉજવણી થાય. છે,અને લોકોમાં પુસ્તકો વાંચવા પ્રત્યેની જાગૃતિ આવે એ વિશ્વ પુસ્તક દિનની ઉજવણીનો હેતુ છે સમગ્ર.વિશ્વમાં વિશ્વ પુસ્તક દિનની ઉજવણીમાં પ્રકાશકો પણ ભાગ લે છે અને લેખકો પ્રત્યેની તેમની લાગણી પ્રદર્શિત કરે છે જીવનમાં પુસ્તકો ખૂબ જ મહત્વું સ્થાન ધરાવે છે વિવિધ સંસ્કૃતિઓનો પરિચય આપણે પુસ્તકો વડે જ પ્રાપ્ત થાય છે કંઇક નવું શીખતા રહીયે છીએ, , જયારે આપણે પુસ્તકોના સહવાસમાં આવીએ છીએ. આજે બધા લેખકોનાપુસ્તકોઈન્ટરનેટ માં છે યુવા લેખક નિરવ શાહ બહુ સરસ વાત કરે છે કે આજે આંગળીના એક ટેરવે અસંખ્ય પાનાઓ ઈન્ટરનેટ પર વિનામૂલ્યે મળે છે પણ હાથમાં પુસ્તકને પકડીને આંગળીને જીભ વડે ભીની કરીને પાનાં ફેરવવાની મજા આ સ્ક્રીન પરના પુસ્તકોમાં નહિ જ આવે, ટેકનોલોજી સામેનો કોઈ વિરોધ નથી પણ પેલા પુસ્તકોમાંથી આવતી સુગંધનો અધિકાર કોમ્પ્યુટર સ્ક્રીન ક્યારેય નહિ આપે .વાંચતા વાંચતા પાનાંને ચોપડીઓના પુસ્તકો વાંચતા વાંચતા આપણે મનમાં એક પોતાનું ભાવ વિશ્વ ઉભું કરીએ છીએ, અને પછી એની સાથે વિચારીએ

છીએ, ક્યારેક રડીએ છીએ, ક્યારેક છલોછલ હસીએ છીએતે દગો નથી આપતા એ વર્ષો પહેલા અને વર્ષો પછી પણ પોતે કહેલા શબ્દો જ કહે છે એ સહેજ પણ બદલાતા નથી . જરૂરીયાતની પ્રાથમિક જિંદગીનીવાત ગુજરાતી પુસ્તકોની હોય કે બીજી કોઈ પણ ભાષાની, શરત એ છે કે એ પુસ્તકો વંચાવા જોઈએ, રતિલાલ બોરીસાગર ભોળાભાઈ પટેલ , ઈશ્વર પેટલીકર , કનૈયાલાલ મુન્શી , પ્રેમચંદ , ગોવર્ધનરામ ત્રિપાઠી ,કવિ ઉમાશંકર જોષી , રાજેન્દ્ર શુક્લા, ચંદ્રકાંત બક્ષી, વિનોદ ભટ્ટ, શેક્સ્પીયર, રમેશ પારેખ અને ગુણવંત શાહ જેવા અનેક રચનાકારની રચનાઓ વાંચીએ છીએ ત્યારે સમજાય છે વાસ્તવિક જિંદગીનીએ કેટલી લગોલગ છે, હંમેશા પણ નહિ જ માટે દિવસ આ માત્ર ખરીદાય પુસ્તકો, વંચાય, વહેચાય અને તેની ચર્ચા થાય એ ખુબ જ જરૂરી છે આજે" .. " અને "ગુજરાત વાંચે પુસ્તક પરબ" થી આજે દરેક ઘર માં પુસ્તકો પહોંચાડવામાં સફળ થયા છીએ .સમારંભમાં બુકે ને બદલે બુક આપવાની પ્રથા હવે ચાલુ થઇ છે એ સોનેરી સવારની નિશાની છે..

વર્તમાન યુગ એ જ્ઞાન અને માહિતીનો યુગ છે વધુ સૌથી કોઈ જો માટે ફેલાવા જ્ઞાનના . પુસ્તકોનું પણ યુગમાં ઇન્ફર્મેશન આજના .છે પુસ્તકો તે તો હોય માધ્યમ શક્તિશાળી સમજણ .છે શકે આપી પ્રેરણા વિશ્વને આ જ પુસ્તકો .નથી થયું ઓછું મહત્વ, સહનશીલતા અને સંવાદ માટે સામાજિક જાગૃતિનું કામ પુસ્તકો જ કરે જીવન ને સફળ બનાવે છે

મિલ્ટન કહ્યું છે," પુસ્તકોમાં આત્માનું જીવન છે, કેમ કે, એમાં જીવનનો વિચાર સાર રહેલો છે." ગ્રંથો સજીવ છે એટલે જ મિલ્ટને એમ પણ કહ્યું છે, "પુસ્તકોમાં આત્મા હોય છે . .નથી થતો નાશ કદી સંદગ્રંથોને"

સિસરોએ કહ્યું છે, " ગ્રંથ વગરનું ઘર આત્મા વગરના શરીર જેવું છે." એટલે કે ઉત્તમ પુસ્તકોને અભાવે મનુષ્ય જ્ઞાનથી વંચિત રહે છે .

પ્રગતિશીલ જીવન માટે પુસ્તકોનો સાથ ઘણો જરૂરી છે, કેમ કે પુસ્તકો દ્વારા જ જીવનનું માર્ગદર્શન અને પ્રેરણાપ્રકાશ મળેવિચાર ઉત્તમ હોય છે ઉચ્ચ પુસ્તકોમાં ઉત્તમ વિચારો , ઉચ્ચ ભાવનાઓ અને કલ્પનાઓ જ્યાં હોય છે,. તિલકે કહ્યું છે, " હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કેમ કે તેમનામાં એવી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ ખડું થશે." સ્વર્ગનું અસ્તિત્વ કોઈએ જોયું નથી કે સ્થિતિ માનસિક ઉચ્ચ મનુષ્યની . છે ફળ વિચારોનું ઉત્તમ જે, તે જ સ્વર્ગ છેઉત્તમ . પુસ્તકોનું સાનિધ્ય મનુષ્યની બુદ્ધિને જ્યાં પ્રાપ્ત થાય છે ત્યાં એને સ્વર્ગની અનુભૂતિ થવા લાગે છે.સાચો સ્વાર્થ રહિત આત્મીય મિત્ર મળવો મુશ્કેલ છે, પુસ્તકો આપણે સાચો રસ્તો અને દિશા અને દશા બદલવામાં મદદ રૂપ થાય છે એટલેજ આપણા સાચા મિત્રો લેખાય છે . ગાંધીજી કહે છે કે " સારાં પુસ્તકો આપણી પાસે હોય તો તે પરોપકારી મિત્રની ગરજ સારે છે. "

પુસ્તકો મનને એકાગ્ર કરવા અને સંયમિત બનાવવા માટેનાં સરળ સાધન છે એક વાર મહાન ક્રાંતિકારી લોકમાન્ય તિલક નું ઓપરેશન થઈ રહ્યું હતું, એને માટે એમને ક્લોરોફોર્મ સૂંઘાડીને બેભાન કરવાના હતા, પરંતુ એને માટે તેમણે ડૉક્ટરને ના પાડી અને કહ્યું, " મને એક ગીતાનું પુસ્તક લાવી આપો હું એને વાંચતો રહીશ અને તમે ઓપરેશન કરી નાંખજો. લોકમાન્ય તિલક વાંચન માં એવા તલ્લીન બની ગયા કે ડૉક્ટરોએ ઑપરેશન કર્યું ત્યાં સુધી જરા પણ હાલ્યા પણ નહીં .યાદ રાખો કે પુસ્તકો જાગૃત દેવતા છે, એના અધ્યયન, ચિંતન, મનન દ્વારા, પૂજા કરીને તરત વરદાન મેળવી શકાય છે.આથી . ઉત્તમ પુસ્તકોના એકાગ્રપૂર્વક વાંચનને જીવનનું જરૂરી અંગ બનાવવું જોઈએ. આમ આવો આજે પુસ્તકો વાંચી અને તેને સાચા મિત્રો બનાવીએ અને તેને સંસ્કારોનું સિંચન આવનારી પેઢીઓ માં કરીએ . આ વર્ષે કોરોનાના કારણેપુસ્તક દિવસ ની ઉજવણી શક્ય નથી બની પરંતુ લોક ડાઉનના કપરા સમયમાં પુસ્તકો હકારાત્મક વિચારસરણી કેળવવા અને હતાશા દૂર કરવા માંમહત્વનો ફાળો આપી શકે તેમ છે.

સંદર્ભ : વિકિપીડિયા અને વિવિધ જાણીતા લેખકો ના બ્લોગ અને અખબારી અહેવાલો

# આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ



**મહેશ એલ. ઠક્કર**
આસી.
ક્રાંતી તીર્થ -માંડવી



### ભીખાઈજી કામા
(૧૮૬૧-૧૯૩૬)

ભીખાઈજી કામા પહેલેથી જ બીજાની સેવા કરવાની - આર્થિક રીતે મદદરૂપ થવાની વૃત્તિ ધરાવતાં હતાં. તેઓ લંડનમાં હતાં ત્યારે તેઓ શ્યામજી કૃષ્ણવર્માના સંપર્કમાં આવ્યાં હતાં. આ ઉપરાંત દાદાભાઈ નવરોજી તેમજ સરદારસિંઘ રાણા સાથે પણ તેમનો પરિચય થયો હતો. તેઓ ઇન્ડિયા હાઉસની પ્રવૃત્તિઓમાં સક્રિય હતાં.

ભીખાઈજી કામાએ શ્યામજી કૃષ્ણવર્માને 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની' સ્થાપના કરવામાં પણ મદદ કરી હતી. બાદમાં તેઓ પેરિસ આવ્યાં અને તેના તેવી જ બીજી 'પેરિસ ઇન્ડિયન સોસાયટી'ની સ્થાપના કરી હતી. 'વંદેમાતરમ્' સાપ્તાહિક શરૂ કરીને તેમાં તેઓ કડક લેખો લખતા હતા. જર્મનીમાં તેમણે સૌપ્રથમરાષ્ટ્રધ્વજ જાતે બનાવીને ફરકાવ્યો હતો. સરકારે તેમને સ્વદેશ પાછા ફરવાની બંધી ફરમાવી હતી. અંતે તબિયતને કારણે રજા આપી હતી. તેમનું એકમાત્ર સ્મારક પેરિસમાં છે.



### ભાઈ પરમાનંદ
(૧૮૭૬-૧૯૪૭)

પોતે હિન્દુ હોવાનું જેમને ખૂબ ગૌરવ હતું અને આર્યસમાજની વિચારધારા ફેલાવવામાં જે ખૂબ સક્રિય હતા તેવા ભાઈ પરમાનંદનો જન્મપંજાબમાં થયો હતો.

૧૯૦૫માં તેમણે બંગાળના ભાગલા પાડવાના સરકારના કાવતરાનો ખૂબ વિરોધ કર્યો હતો એ જ વર્ષમાં તેમણે દક્ષિણ આફ્રિકાની પણ મુલાકાત લીધી હતી. ૧૯૧૦માં તેમણે ગુયાનાની મુલાકાત લીધી હતી. તેમજ ત્યાં આર્યસમાજની પ્રવૃત્તિ વિકસાવવાનો પ્રયત્ન કર્યો હતો. એમણે લાલા હરદયાળને મળીને તેમને અમેરિકાની મુલાકાત લેવા આગ્રહ કર્યો અને ત્યાં ભારતીય સંસ્કૃતિ વિષે લોકોને ખ્યાલ આપવા જણાવ્યું હતું. તેઓ એક સમયે હિન્દુ મહાસભાના પ્રમુખ હતા. તેઓ ગદર પાર્ટીના સ્થાપક સભ્ય હતા. તેમના નામે નવી દિલ્હીમાં એક શાળા તેમજ એક હોસ્પિટલ છે.



### ચંપકરણ પિલ્લાઈ
(૧૮૯૧-૧૯૩૪)

ભારતમાં વિવિધ લોકો પોતપોતાની રીતે દેશના સ્વાતંત્ર્ય-યુદ્ધમાં પોતાનું યોગદાન આપી રહ્યા હતા ત્યારે ચંપકરણ પિલ્લાઈએ પરદેશ જઈને લશ્કર ઊભું કરીને અંગ્રેજ સરકાર સામે યુદ્ધ છોડવાનો નિરધાર કર્યો હતો.

પિલ્લાઈ ઑસ્ટ્રેલિયા ગયા અને ત્યાંની ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટમાં જોડાઈને એન્જિનિયરિંગ અને ડિપ્લોમાં પ્રાપ્ત કર્યો. ૧૯૧૪માં પ્રથમવિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે પિલ્લાઈએ ઝૂરિચમાં ભારત પ્રત્યે સહાનુભૂમિનું વલણ રાખનાર આંતરરાષ્ટ્રીય સમિતિની સ્થાપના કરી હતી. અને તેમણે તે સંસ્થાના પ્રમુખ તરીકેફરજ બજાવી હતી. ભારત અને જર્મનીના ક્રાન્તિવીરો અંગ્રેજોને પોતાના દુશ્મન તરીકે ગણતા હતા. ૧૯૩૪માં નાઝીઓએ પિલ્લાઈની હત્યા કરી હતી.

# શાળાની પ્રવૃત્તિઓ





















## ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિદાય








## શૈક્ષણિક પ્રવાસ

## ધુળેટીની ઉજવણી



## ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિદ્યાર્થીઓનું કંકુ તિલકથી સ્વાગત





